જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૩/૨૦૨૦ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૫૨૯/૨૦૨૦**

## પ્રોહીના આરોપીની અટકાયતની વિગત

### ગોમતીપુર પોલીસ સ્ટેશન

**ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની ૭૫૦ મીલીની બોટલ નંગ-૧૪૪ કિ.રૂ.૫૭૬૦૦/- ટાટા ઈન્ડીકા ફોર વ્હીલ કિ.રૂ.૧,૦૦,૦૦૦/- એક મોબાઈલ ફોન કી.રૂ ૧૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ. કિ.રૂ.૧,૫૮,૬૦૦/- નો મુદ્દામાલ ઝડપી પાડી ઇંગ્લીશ દારૂનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી ગોમતીપુર પોલીસ**

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મળતી સુચનાઓ જેમાં દારૂ-જુગારની પ્રવૃત્તિ નસ્તે નાબુદ કરવા સારૂ મળેલ સુચના આધારે

આજરોજ સર્વેલંન્સ સ્કોડના પોલીસ સબ ઇંન્સ્પેકટરશ્રી એસ.આઇ.રઇશ તથા બીજા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સર્વેલન્સ સ્કોડના પોકો ભરતસિંહ મનુભાઈ તથા લો.ર ભાગ્યદીપસિંહ વિક્રમસિંહ નાઓની સંયુક્ત બાતમી હકિકત આધારે ગોમતીપુર રાયપુર મીલ સર્કલ ચાર રસ્તા આગળ આરોપી ફૈઝાન ઉર્ફે પતલી સ/ઓ ઇસ્તીયાક ગુલામરસુલ કુરેશી ઉ.વ.૨૦ રહે.મ.નં.૭ જુની કસાઇની ચાલી નુર મહેલ હોટલના ખાંચામાં રખીયાલ અમદાવાદ શહેર નાનો પોતાના કબજાની ઈન્ડીકા ફોર વ્હીલ નં GJ.1.HJ.2069 માં વગર પાસ પરમીટે ગે.કા ભારતીય બનાવટની વિદેશી દારૂની એપિસોડ ક્લાસિક વ્હિસ્કી માર્કાની ૭૫૦ મિલીની કંપની શીલબંધ બોટલ નંગ ૧૪૪ (૧૨ પેટી) કી.રૂ ૫૭,૬૦૦/- તથા ઈન્ડીકા ગાડી કી.રૂ ૧,૦૦,૦૦૦/- તથા એક મોબાઈલ ફોન કી.રૂ ૧૦૦૦/- સાથે મળી આવી પકડાઈ ગયેલ હોય તેના વિરૂધ્ધમાં ધી પ્રોહી કલમ ૬૬(૧)બી, ૬૫(એ)(ઇ), ૧૧૬(૧)બી, ૯૮(૨), ૮૧ મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે જે બાબતે ગોમતીપુર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં ૧૧૧૯૧૦૧૮૨૦૦૨૯૫ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે

# ચોરીના આરોપીની અટકાયતની વિગત

## ગોમતીપુર પોલીસ સ્ટેશન

## ઘરફોડ ચોરીના મિલકત સબંધી આરોપીઓ પકડવા બાબત

## ગોમતીપુર પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મળતી સુચનાઓ જેમાં મિલકત સબંધી ગુના શોધી કાઢવા સારૂ મળેલ સુચના આધારે

ગોમતીપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં ૧૧૧૯૧૦૧૮૨૦૦૨૮૨ ધી ઈ.પી.કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના કામના ફરિયાદી શ્રી ગિરીશભાઈ મનુભાઈ પંચાલ ઉ.વ ૫૨ રહે મ.નં બી/૩૦૧ સુરભી એપાર્ટમેન્ટ સ્ટેડિયમની સામે શાહીબાગ અમદાવાદ શહેર નાઓની ફરિયાદના કામમા તારીખ ૦૭/૦૩/૨૦૨૦ ના કલાક ૧૯/૦૦ થી તારીખ ૦૯/૦૩/૨૦૨૦ ના કલાક ૦૮/૦૦ વાગ્યા દરમ્યાન ગોમતીપુર ચાર તોડા કબ્રસ્તાનની સામે આવેલ ડી-૨૩,૨૪ કામદાર રાજ્ય વિમા યોજના દવાખાનામાંથી કોઈ અજાણ્યા ઈસમે ગે.કા પ્રવેશ કરી એક ડેલ કંપનીનો કોમ્પ્યુટર સેટ જેની.કી.રૂ ૪૦૯૪૮/- ગણાય તે તથા બે એન-કોમ્પ્યુટીંગ સીસ્ટમ જેની કી.રૂ ૩૦૦૦૦/- ગણાય તે તથા ભંગાર હાલતમાં પડી રહેલ પંખા જેની કી.રૂ ૦૦/૦૦ ગણાય તે મળી કુલ્લે રૂ ૭૦૯૪૮/- ની મત્તાની ચોરી કરી લઈ ગયેલ હોય સદર ગુનાની તપાસના કામમા સર્વેલન્સ સ્કોડનાં પો.સ.ઈ એસ.આઈ.રઈશ નાઓ તાબાના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન પો.સ.ઈ શ્રી એસ.આઈ.રઈશ નાઓને મળેલ બાતમી હકીકત આધારે ગોમતીપુર ચાર તોડા કબ્રસ્તાન છોટી મસ્જીદ પાછળ આવેલ ખુલ્લા મેદાનમાંથી આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓ (૧) મોહમદ વસીમ ઉર્ફે નાનદુત સ/ઓ વકીલુદીન મણિયાર ઉ.વ ૨૧ રહે મ.નં ૧૦૨/એ/૩૭ પઠાણની ચાલી કામદાર મેદાન પાસે ગોમતીપુર અમદાવાદ શહેર તથા નં (૨) મોહમદ અરશદ આઝમ સ/ઓ મોહમદ હબીબઉલ્લાહ શેખ ઉ.વ ૧૯ રહે જાજરૂની ચાલી પૂજારીની ચાલીની અંદર ગેટ નં ૦૨ ડી ૨૪ દવાખાનાની બાજુમાં ચાર તોડા કબ્રસ્તાનની સામે ગોમતીપુર અમદાવાદ શહેર નાઓ પાસેથી સદર ગુનામાં ચોરીએ ગયેલ એક ડેલ કંપનીનો કોમ્પ્યુટર સેટ જેની.કી.રૂ ૪૦૯૪૮/- ગણાય તે તથા બે એન-કોમ્પ્યુટીંગ સીસ્ટમ જેની કી.રૂ ૩૦૦૦૦/- ગણાય તે મળી કુલ્લે કી.રૂ ૭૦,૯૪૮/- નો મુદામાલ તપાસ અર્થે કબજે કરી બંને આરોપીઓને તારીખ ૧૪/૦૩/૨૦૨૦ નાં કલાક ૧૯/૩૦ વાગ્યે પકડી અટક કરી ગુનાનો મુદામાલ તથા આરોપીઓ શોધી કાઢી મિલકત સબંધી ગુનો શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે તા ૧૫/૦૩/૨૦૨૦

# SHE ટીમની કામગીરી

| | |
|---|---|
| રિવરફ્રંટ ઈસ્ટ પોલીસ સ્ટેશન ની સી ટીમ દ્વારા સાબરમતી રિવરફ્રંટ વિસ્તાર માં પેટ્રોલિંગ અને ત્યાં હાજર રહેલ મહિલાઓને ૧૦૦,૧૮૧,૧૦૯૧ નંબર ની માહિતી આપી |  |
|  |  |
| રાણીપ પોલીસ સ્ટેશન ની સી ટીમ દ્વારા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ગાંધી આશ્રમ ખાતે આવતા ટ્રરિસ્ટો મહિલાઓને મહિલા અભયમ એપ વિશે માહિતી આપી જાગૃત કર્યા ત્યારબાદ કલાક ૧૭/૦૦ થી ૨૦/૦૦ વાગ્યે રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બાગ બગીચા તેમજ શાક માર્કેટ માં અવાવરૂ જગ્યાએ પેટ્રોલિંગ કરી. |  |
|  |  |

| | |
|---|---|
| સાબરમતી પોલીસ સ્ટેશન ની સી ટીમ દ્વારા આજરોજ ક.૧૭/૦૦ થી ૨૦/૦૦ સુધી કાળીગામ વિસ્તારમાં આવેલ ગાર્ડન, ખોડીયાર મંદિર, ન્યુ રાણીપ શાકમાર્કેટ, ન્યુ રાણીપ તળાવ તેમજ આ વિસ્તારમાં આવેલ અવાવાંરૂ જ્ગ્યાઓએ સાબરમતી પો.સ્ટે.ની SHE ટીમ દ્વારા પેટ્રોલીંગ કરવામાં આવ્યું. |  |
|  |  |
| કારંજ પોલીસ સ્ટેશન "શી " ટીમ ની કામગીરી આજ રોજ કલાક 10/00 થી 14/00 સુધી ભદ્ર મંદિર, ભદ્ર પરીસર,બહુચરમાતાના મંદિર, ત્રણ દરવાજા, જીલ્લા પંચાયત, એ.એમ ટી એસ સ્ટેન્ડ સુધી ફુટ પેટ્રોલીગ કરી તથા રોમીયો વોચ કરેલ.<br>કલાક 16/00 થી 20/00 સુધી સરદારબાગ, ઢાલગરવાડ, પાનકોરનાકા, ગોળ ગલી સુધી પેટ્રોલીગ કરી તથા રોમીયો વોચ તથા વિસ્તાર માં આવેલ સિનિયર સિટીઝન ના ઓની માહિતી અપડેટ કરેલ |  |
|  |  |